જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૧૧/૨૦૨૨   સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**          **સમાચાર યાદી નં.૨૦૮૮/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**
**તા.૨૦/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 03 | ૫૮,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>પી.સી.બી.:-</u>**

## <u>ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા થી ઈગ્લીશ દારૂની બોટલો નંગ ૮૩૯ કિ.રૂ.૨,૪૨,૪૭૧/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે ૫,૦૨,૪૭૧/- રૂપિયાના મુદામાલ સાથે ઈગ્લીશ દારૂનુ કટીંગ કરતા બે આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી.</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મસઈ મહંમદ યુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, અહેકો તુષારદાન ભરતદાન બ.ન.૪૩૬૧, અહેકો ઈન્દ્રસિહ પ્રવીણસિહ બ.ન.૬૧૬૮, અહેકો અનિરુધ્ધસિહ ધીરુભા બ.ન.૮૯૯૦, અહેકો પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અહેકો હિમ્મતસિહ રણજીતસિહ બ.ન.૩૭૮૧, અપોકો પ્રવીણસિહ રણજીતસિહ બ.ન.૪૮૯૭ તથા અપોકો પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે આજરોજ રાત્રે પેટ્રોલીગમા હતા દરમ્યાન અહેકો હિમ્મતસિહ રણજીતસિહ બ.ન.૩૭૮૧ તથા અહેકો તુષારદાન ભરતદાન બ.ન.૪૩૬૧ નાઓને સંયુકતરીતે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ચાંદખેડા ગુજરાત હાઉસિંગ બોર્ડ, ગાયત્રીનગરમા મકાનોની ગલીમાં મારુતી સુઝુકી વેગન આર કાર નંબર GJ-01-HL-5301 તથા મારુતી અલ્ટો કાર નંબર GJ-27-AH-7649 માથી તેમજ જમીન ઉપર પડેલ ભારતીય બનાવટની પરપ્રાંતની વિદેશીદારુની બોટલો નંગ ૮૩૯ કિ.રૂ.૨,૪૨,૪૭૧/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૫,૦૨,૪૭૧/- ના મુદામાલ સાથે દારુની કંટીગ કરતા બે આરોપીઓ ને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પો.સ્ટે. ખાતે બી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૦૮૨૨૦૭૯૨/૨૦૨૨ ધી પ્રોહી.કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(અ)(બી),૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

<u>પકડાયેલ આરોપી:</u>

(૧) રાહુલ જગદીશભાઈ ભીલડીયા રહે.મ.ન.બી/૨૦૪, પંચશ્લોક રેસીડેન્સી, કે.બી.રોયલ ફોનિક્સની બાજુમા ચાંદખેડા અમદાવાદ શહેર

(૨) ઈરફાન અબ્બાસભાઈ શેખ રહે.મ.ન.૧૦/૧ મ્યુનિ.સ્ટાફ કવાર્ટસ,ભારતનગર સોસાયટી સામે દુધેશ્વર, અમદાવાદ

<u>નહી પકડાયેલ આરોપી:</u>

(૧) કિંજલ જાદવ રહે.ચાંદખેડા (૨) કે.ડી.નામનો માણસ (૩) બાબા મરાઠી રહે.વાડજ (૪)ધર્મેશ રહે.સાયન્સ સિટી અમદાવાદ

**ગુનાની જગ્યા :**

ચાંદખેડા ગુજરાત હાઉસિંગ બોર્ડ, ગાયત્રીનગરમા મકાનોની ગલીમાં

**પકડાયેલ મુદામાલ :**

(૧) વિદેશીદારુની નાની મોટી મોટી બોટલો નંગ ૮૩૯ કિ.રૂ.૨,૪૨,૪૭૧/-

(૨) મોબાઈલ ફોન નંગ-૨ કિ.રુ.૧૦૦૦૦/-

(૩) વેગન આર કાર નંબર GJ-01-HL-5301 કિ.રુ.૧,૫૦,૦૦૦/-

(૪)મારુતી અલ્ટો કાર નંબર GJ-27-AH-7649 કિ.રુ.૧,૦૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૫,૦૨,૪૭૧/- નો મુદામાલ.



# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ-

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ અમદાવાદ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન અમદાવાદ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)નિકોલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૨૦૨૫૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ G.P. Act ૧૩૫(૧) તથા (૨)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૯૩૩/૨૦૨૨ ઇપીકો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ G.P. Act ૧૩૫(૧) મુજબના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૯૮૭/૨૦૨૨ તા.૨૦/૧૧/૨૦૨૨ ના હુકમ આધારે તા.૨૦/૧૧/૨૦૨૨ ના કલાકઃ૨૧/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

### આરોપીનું નામઃ-

અભીશેકસિંગ ઉર્ફે શુટર સ/ઓ સંજયસિંગ જાતે તોમર ઉ.વ.૨૦ રહે.મ.નં.ઇ-૪૧, ગોલ્ડન ફ્લેટ બાપાસીતારમ ચોક પાસે નવા નરોડા અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**પો.ઇન્સ.શ્રી બી.એમ.પટેલ તથા પો.સ.ઇ. શ્રી એન.પી.ગરાસિયા** તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩૮ કેસ કરી, ૧૪૨ વ્યક્તિઓને ઝડપી, ૪૨૫ લીટર દેશી દારૂ, ૧૪૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બીયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તથા જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૦૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી.૯૩ મુજબ ૯૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૧/૨૦૨૨**

નરોડાઃ જીવણભાઇ ચતુરભાઇ ઓડ(ઉ.વ.૪૦)(રહે.રામવાળા હાઉસિંગ સોસાયટી, કનોરીયા હોસ્પિટલ સામે, ભાટ ગામ, તા.જી.ગાંધીનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૧/૨૦૨૨ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે નરોડા મુઠીયા રીંગરોડ રણાસણ ટોલટેક્ષ થી ફાટક વચ્ચે આવેલ કહાન્વી હોટલ સામે રોડ ઉપર એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ(૪૦ થી ૪૫ વર્ષના આશરાના) એ ભેગામળી “તુ મારા ભાઇને અક્સ્માત કરીને આવ્યો છે” તેમ કહી, જીવણભાઇ સાથે ઝગડો કરી, તેમના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- કાઢી લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૨/૨૦૨૨**

રામોલઃ વાલીબહેન વા/ઓ ધરમસિંહભાઇ પટેલ (ઉ.વ.૭૦)(રહે.ગામ.રણછોડપુરા, તા.કડી, જી.મહેસાણા) એ તા.૨૦/૧૧/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૨ સવારના ૧૦/૦૦ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન વાલીબહેન તથા તેમના પતિ વસ્ત્રાલ ગાર્ડન પાસેથી એક ઓટોરિક્ષામા બેસી રતનપુરા શાકમાર્કેટ તરફ જતા હતા દરમ્યાન રિક્ષામા પાછળ બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષ તથા રિક્ષા ડ્રાઇવર ભેગામળી વાલીબહેનની નજર ચુકવી તેમના થેલામા મુકેલ સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૨,૧૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૦,૦૦૦/- ની મતા મુકેલ થેલીની ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૯૩/૨૦૨૨</u>**

વટવા જી.આઇ.ડી.સી.:- તા.૧૯/૧૧/૨૦૨૨ સવારના ૬/00 વાગ્યાના સુમારે જશોદાનગર હનુમાનનગર ખાતે ભાડાના મકાનમાં રહેતા જોગીન્દર ચંદુલાલ ભગત(કોરી)(મુળ વતન:- ગામ.જઈતપુર તા.પોસ્ટ. માજી જી-છાપરા બિહાર) નાઓની ત્રણ વર્ષની પુત્રી રિતિકા ઉપર ગરમ ચા પડવાથી દાઝી જતા સારવાર અર્થે તેને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કરી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૧૧/૨૦૨૨ બપોરના ૧/30 વાગે રિતિકાનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.મકરાણી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી